# કૃષિમાં ઉર્જા સંરક્ષણ અંતર્ગત એક દિવસીય જાગૃતિ કાર્યક્રમની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ ખાતે તા.૨૪.૬.૨૦૧૬ ના રોજ આણંદ જીલ્લા સહકારી સંઘ તેમજ પેટ્રોલીયમ સંરક્ષણ સંશોધન સંગઠનના સહયોગથી "કૃષિમાં ઉર્જા સંરક્ષણ" અંતર્ગત એક દિવસીય કાર્યક્રમની ઉજવણી કરવામાં આવેલ જેમાં અલગ અલગ ગામના પચાસ જેટલા ખેડૂતો હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં ડૉજી.જી.પટેલ,વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રીએ સર્વેનું પુષ્પગુચ્છથી તેમજ શાબ્દિક સ્વાગત કર્યા બાદ ટ્રેકટર વપરાશમાં ડીઝલનો યોગ્ય રીતે ઉપયોગ કરી ઉર્જા શક્તિનો બચાવ કઈ રીતે કરવો તે વિશે માહિતી આપી. ત્યારબાદ આણંદ જીલ્લા સહકારી સંઘ, આણંદથી પધારેલ શ્રી સુરેશભાઈ એસ પટેલે ડીઝલના વપરાશ તેમજ તેના સંરક્ષણ અંગે માહિતી આપી તથા પાણી અને વીજળી કુદરતી સ્ત્રોત હોવાથી તેની બચત કરવા અંગેની ચર્ચા કરી હતી. ત્યારબાદ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, વડોદરાથી પધારેલ શ્રી દિનેશભાઈ કે. ગાંધીએ પેટ્રોલીયમ સંરક્ષણ સંશોધન સંગઠન વિશે ખેડૂતોને માહિતગાર કર્યા બાદ કુદરતી વાયુ અને ઉર્જાનો સદુપયોગ કઈ રીતે કરવો તથા કુદરતી ઉર્જાને અસર કરતા ગ્લોબલ વોર્મિંગ બાબતે વિસ્તૃત ચર્ચા કરી તાંત્રિક કાર્યક્રમ પૂર્ણ થયે સ્વરૂચીભોજન કર્યા બાદ ખેડૂતોને પેટ્રોલીયમ સંરક્ષણ અંગેની વિડીઓ ફિલ્મ બતાવવામાં આવી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન કચેરીના બાગાયત વૈજ્ઞાનિક શ્રીમતી અમિતાબેન પરમાર દ્વારા કરવામાં આવેલ અંતે સર્વેનો આભાર માની કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી આમ કચેરીના સર્વે અધિકારી/કર્મચારીઓ દ્વારા આ કાર્યક્રમની સફળતાપૂર્વક ઉજવણી કરવામાંસહયોગ પુરો પાડેલ

# કાર્યક્રમની ઝાંખી


PCRA
ACUL




PCRA
ACUL
One day awareness programme
Conservation of Energy in A


કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
કેન્દ્રીય તાલીમ કાર્યક્રમ